૬૦૧/૩,૧૪૫

બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૨૪ જૂન, ૨૦૧૨)

(સમય : સવારે ૯ : ૦૦ થી ૧૨ : ૦૦) **સત્સંગ પ્રવીણ - ૧**

નોંધ : પ્રશ્ન પછી આપેલા અંકો તે પ્રશ્નના જવાબના પાના નંબર દર્શાવે છે. (કુલ ગુણ : ૧૦૦)

## વિભાગ-૧ : શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના - બારમી આવૃત્તિ, જાન્યુઆરી - ૨૦૧૨

**પ્ર.૧ નીચે આપેલામાંથી કોઈ પણ બે વિષયના સંદર્ભમાં શાસ્ત્રનાં ત્રણ પ્રમાણો આપો.** [૬]
**(સંદર્ભ શાસ્ત્રનું નામ અને ક્રમાંક લખવો ફરજિયાત છે.)**

૧. શ્રીજીમહારાજનું સર્વોપરીપણું - અન્ય 'પરમહંસો'નાં વચનોના આધારે (૩૮-૩૯) ૨. કર્તાપણું કેવી રીતે ? (૪-૫)
૩. નિરાકાર સમજવાથી ખોટ (૧૦-૧૧) ૪. નિર્વિઘ્ન ભક્તિ માટે બ્રહ્મરૂપ થવાની આવશ્યકતા (૯૭-૯૮)

**પ્ર.૨ પ્રમાણ, સિદ્ધાંત કે કડી પરથી વિષયનું શીર્ષક આપો.** [૫]
**ઉદાહરણ : 'મારું ધામ છે રે, અક્ષર અમૃત જેનું નામ; તેમાં હું રહું રે, દ્વિભુજ દિવ્ય સદા સાકાર.'**
**જવાબ : ધામમાં અને પૃથ્વી ઉપર - બન્ને ઠેકાણે સદા સાકાર**

૧. "બોલતા-ચાલતા જે ભગવાન તે જ પ્રત્યક્ષ કહેવાય." (૬૫)
૨. "પ્રગટ ને ભજી ભજી પાર પામ્યા ઘણાં, ગીધ ગણિકા કપિવૃંદ કોટિ" (૬૭)
૩. "મારી દૃષ્ટિએ જક્ત ઊપજે શમે, અનેક રૂપે માયા થઈ." (૬)
૪. "સાહબકા ઘર સંતનમાંહી, સંત સાહબ કછુ અંતર નાંહી." (૯૧)
૫. "આ પ્રત્યક્ષ ભગવાન ને આ પ્રત્યક્ષ સંત તેની ઓળખાણ જો ન હોય તો તે ખીજડા જેવો છે." (૭૫)

**પ્ર.૩ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો.** [૪]
**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. સર્વ કર્તા-હર્તા સમજવાની આવશ્યક્તા (૬)
(૧) ☐ ભગવાનને કર્તા જાણે તો પોતે કર્તા થાય છે.
(૨) ☐ જે જીવ ભગવાનને સર્વ કર્તા-હર્તા નથી જાણતો તો તેથી બીજો કોઈ પાપી નથી.
(૩) ☐ ભગવાન સિવાય બીજાને કર્તા-હર્તા જાણવા તે ભગવાનનો અતિ દ્રોહ છે.
(૪) ☐ ભગવાનને કર્તા-હર્તા જાણવાથી કાળ, કર્મ, માયાનો ભય વધી જાય છે.

૨. ભગવાન સાકાર કેવી રીતે ? (૧૩)
(૧) ☐ બ્રહ્માદિક સૃષ્ટિ સાકાર છે. (૨) ☐ ભગવાન માયા સામું જોતા હવા
(૩) ☐ ભજન કરનારા સાકાર છે. (૪) ☐ મૂર્તિ વિના તેજ હોય નહીં.

**પ્ર.૪ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ એક વર્ણવી સિદ્ધાંત લખો.** [૪]
૧. અઢાર ગોદડીઓનો ભાર. (૧૧૬-૧૧૭)
૨. બાપુ રતનજીનો સ્વાનુભવ (૧૩૩)
૩. 'જ્યાં તે છે ત્યાં હું છું અને જ્યાં હું છું ત્યાં તે છે.' (૧૧૮)

**પ્ર.૫ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે વિષયનું વિવરણ લખો. (બારેક લીટીમાં)** [૮]
૧. સ્વામી - સેવકભાવે ઉપાસના (૯૫-૯૭) ૨. ભગવાનમાં મનુષ્યભાવ પરઠે તો ખોટ (૨૩-૨૬)
૩. પ્રગટ ભક્તિનો મહિમા (૬૭-૬૯) ૪. જીવનમુક્તા શ્રીજીમહારાજ (૫૦-૫૨)

**પ્ર.૬ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈ પણ બે વિષે કારણો આપી સમજાવો. (બારેક લીટીમાં)** [૮]
૧. ભગવાન અને સંતને દિવ્ય સમજવા અનિવાર્ય છે. (૨૦-૨૨)
૨. મોટા પુરુષને વિષે દોષ ન પરઠવા જોઈએ. (૨૫-૨૬)
૩. શાસ્ત્રના શબ્દો એકાંતિક ભક્ત વિના બીજાને સમજાતા નથી. (૧૨-૧૩)
૪. ભગવાનની મૂર્તિના અપાર સુખ માટે ઉપાસના એ શ્રેષ્ઠ અને આવશ્યક સાધન છે. (૧)

**પ્ર.૭ ઉપાસનામાં શું સમજવું ? અને શું ન સમજવું ? તેના આધારે નીચે આપેલાં વાક્યોની પૂર્તિ કરો.** [૭]
**(ઉપાસનામાં શું સમજવું ?)**
૧. ઈશ્વર એ પરબ્રહ્મ ....... કાર્યમાં પ્રેરે છે. (૧૪૪) ૨. અક્ષરપુરુષોત્તમ ઉપાસના ....... પરમાત્માની જ રહે છે. (૧૪૫)
૩. અક્ષરાધિપતિ ....... ચૈતન્ય તત્ત્વ છે. (૧૪૧) ૪. આ અવતારોની ....... એકબીજાથી જુદા રહે છે. (૧૪૨)
**(ઉપાસનામાં શું ન સમજવું ?)**
૫. એકલા પુરુષોત્તમ ....... નથી તેમ ન સમજવું. (૧૪૬) ૬. શ્રીજીમહારાજની ચાખડી ....... તેમ ન સમજવું. (૧૪૬)
૭. મુક્તિ અવસ્થામાં ....... પામતો તેમ ન સમજવું. (૧૪૬)

(પાછળ જુઓ)

---

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આ આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને **"સત્સંગ પ્રવીણ -૧"** પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

| | તારીખ | મહિનો | વર્ષ |
|---|---|---|---|
| પરીક્ષાર્થીની જન્મ તારીખ :- | ☐☐ | ☐☐ | ☐☐☐☐ |

પરીક્ષા આપી તે તારીખ અને સમય :-

પરીક્ષાર્થીની સહી :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત હાજર પરીક્ષાર્થીઓની જ સ્લીપો ભેગી કરીને, પૂર્વ કસોટીના અહેવાલમાં ભરીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે. (અધૂરી વિગત ભરેલી હાજરીસ્લીપ માન્ય નહીં ગણાય)**

પ્ર.૮ ટૂંકનોંધ લખો. - 'ગુણાતીતાનંદ સ્વામી અક્ષર છે' પરમહંસોના શબ્દોમાં. (૧૩૦-૧૩૧) [૫]

**વિભાગ-૨ : સત્સંગ વાચનમાળા ભાગ-૩ - સાતમી આવૃત્તિ, માર્ચ - ૨૦૦૯**

**યુગવિભૂતિ પ્રમુખસ્વામી મહારાજ - પાંચમી આવૃત્તિ, એપ્રિલ - ૨૦૧૦**

**પ્ર.૯ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]

૧. ''આપ અહીં બિરાજો છો, તે આપને મૂકીને બીજે ક્યાં ભટકવું !'' (૨૯) **અથવા** ૨. ''આ દહીં ક્યાંથી ?'' (૫૯)

૩. ''કાંઈક ખામી રહેલી તેથી તમારે ત્યાં જન્મ લીધો છે.'' (૬૬) **અથવા** ૪. ''કાંઈ વ્યસન છે ? જીવન શુદ્ધ કરજો.'' (૨૨)

૫. ''આ છાપરાં હજુ ઊંચાં નથી થયાં અને આપણે પણ ઊંચા આવી શક્યા નથી.'' (૪૭) **અથવા**

૬. ''અમારી ભૂલથી જ તેને આપઘાત કરવો પડ્યો એમ લાગ્યા કરે છે.'' (૫૨)

**પ્ર.૧૦ નીચે આપેલાં વાક્યોનાં કારણ જણાવો. (નવેક લીટીમાં)** [૮]

૧. વડોદરામાં યોજાયેલ વિષ્ણુયાગમાં ગોપાળાનંદ સ્વામીએ આહુતિ આપી. (૫) **અથવા**

૨. મહારાજે ધર્મપુરનું રાજ્ય લેવાની ના પાડી. (૫૪)

૩. શહેરના મેયર વિલ્કિન્સનના આશ્ચર્યનો પાર ન રહ્યો. (૨૯-૩૦) **અથવા**

૪. સૌરાષ્ટ્રના વિચરણમાં ફરતાં વિદ્યાર્થીનું હૈયું બોલી ઊઠે છે 'ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ.' (૨૪)

**પ્ર.૧૧ નીચે આપેલા વિષયો ઉપર મુદ્દાસર વિવરણ લખો. (બારેક લીટીમાં)** [૮]

૧. વડોદરાની સભામાં મુક્તાનંદ સ્વામીએ કરેલી શાસ્ત્રચર્ચા. (૧૩-૧૪) **અથવા** ૨. ક્ષમાવાન રઘુવીરજી મહારાજ (૪૩)

૩. સેવા એ જ ઉત્સવ (૩૬) **અથવા** ૪. આધ્યાત્મિક ઊંચાઈએ બિરાજેલા - પ્રમુખસ્વામી મહારાજ (૨૧)

**પ્ર.૧૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૫]

૧. પર્વતભાઈ શ્રીજીમહારાજના ઢોલિયાથી દૂર શા માટે બેઠા ? (૬૨)

૨. લાલજી ભક્તને ગુરુમંત્ર આપી વૈષ્ણવી કંઠી કોણે બાંધી હતી ? (૩૦)

૩. મુકુંદદાસે આત્મહત્યા કરવાનો નિર્ધાર શા માટે કર્યો ? (૧૫)

૪. નરેન્દ્રપ્રસાદ સ્વામીને સ્વામીશ્રીએ કઈ સેવા કરવાનું કહ્યું ? (૩૭)

૫. સેવક સંતે ભૂલથી સ્વામીશ્રીને કોગળા કરવા શાનું પાણી આપ્યું ? (૪૮)

**પ્ર.૧૩ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો.** [૮]

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. નિષ્કુળાનંદ સ્વામીના રચેલા ગ્રંથો (૩૭)

(૧) ☐ યમદંડ (૨) ☐ ભક્તચિંતામણિ (૩) ☐ ઉદ્ધવગીતા (૪) ☐ સારસિદ્ધિ

૨. રઘુવીરજી મહારાજની વિશેષતા (૪૬)

(૧) ☐ આખા વરતાલમાં એક રઘુવીરજી મહારાજે ગુણાતીતાનંદ સ્વામીને ઓળખ્યા.

(૨) ☐ રઘુવીરજી મહારાજ ૪૦ વર્ષ આચાર્યપદે રહ્યા.

(૩) ☐ રઘુકુળમાં રઘુવીરજી જેવો કોઈ નથી.

(૪) ☐ રઘુવીરજીના ત્યાગની છટા શ્રીજીમહારાજના જેવી જ હતી.

૩. શાસ્ત્રીજી મહારાજના હૈયાનું રતન : નારાયણસ્વરૂપદાસજી (૮-૯)

(૧) ☐ શુદ્ધ પંચ વર્તમાન અને અનન્ય ગુરુ ભક્તિ (૨) ☐ અક્ષરપુરુષોત્તમ સંસ્થાના પ્રમુખ તરીકે નિયુક્તિ

(૩) ☐ તા. ૧૦/૧/૧૯૩૯માં ભાગવતી દીક્ષા (૪) ☐ પાદરામાં જન્મ

૪. પ્રમુખસ્વામી મહારાજે વેઠેલો ભીડો (૧૩)

(૧) ☐ ૧૦,૦૦૦થી વધુ ગામોમાં પધરામણી (૨) ☐ ૧૯૮૫માં ૨૦ દિવસમાં ૯૫ ગામોમાં વિચરણ

(૩) ☐ ૧૦ લાખથી વધુ પત્રો લખ્યા છે. (૪) ☐ ૧૦૨ ડિગ્રી તાવમાં ૧૨૧ ઘરોમાં પધરામણી કરી

**વિભાગ-૩ : નિબંધ**

**પ્ર.૧૪ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર આશરે ૬૦ લીટીમાં નિબંધ લખો.** [૧૫]

૧. ઉપનિષદનાં અમર યુવાપાત્રો (સ્વામિનારાયણ પ્રકાશ - ફેબ્રુઆરી - ૨૦૧૨)

૨. મારા જનને અંતકાળે તેડવા જરૂર આવવું (સ્વામિનારાયણ પ્રકાશ - સપ્ટેમ્બર - ૨૦૧૧)

૩. મારા અંતરની વીણા ઝંકારે : દેહાતીતપણું (સ્વામિનારાયણ પ્રકાશ - ડિસેમ્બર - ૨૦૧૧)

❊ ❊ ❊

**નોંધ :- આ પ્રશ્નપત્રમાંથી થોડા-ઘણા પ્રમાણમાં પ્રશ્નો તા. ૧૫ જુલાઈ, ૨૦૧૨ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે. અભ્યાસક્રમના પુસ્તકની છેલ્લી આવૃત્તિનો જ ઉપયોગ કરવો. મુખ્ય પરીક્ષામાં જવાબવહીમાં વધારાના પાના જોડીને તેમાં લખેલા ઉત્તર માન્ય ગણાશે નહિ.**

☞ **અગત્યની જાહેરાત** **તમામ પરીક્ષાર્થીઓ આપણી સંસ્થાની નીચે દર્શાવેલી website - link પરથી જૂનાં વર્ષોનાં પ્રશ્નપત્રો તથા તેના ઉકેલપત્રો નિઃશુલ્ક ડાઉનલોડ કરી શકશે તથા તેની પ્રિન્ટ પણ કાઢી શકશે.**

**http://www.swaminarayan.org/satsangexams/pastpapers/**